OCR
RECOGNISING ACHIEVEMENT

# Thursday 17 May 2012 – Morning

## AS GCE GUJARATI

**F883** Listening, Reading and Writing 1

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 30 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- The Insert will be found in the centre of this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. If additional space is required, you should use the lined pages at the end of this booklet. The question number(s) must be clearly shown.
- Do **not** write in the bar codes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are two sections in this paper.
  **SECTION A: 60 Marks Listening and Writing**
  **SECTION B: 100 Marks Reading and Writing**
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2012 [H/500/8403]
DC (SJF) 46463/3
OCR is an exempt Charity

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**સવાલ ૧: શ્રવણ** **[૧૨ ગુણ]**

**ભારતમાં મુસાફરી**

**સાંભળો અને સવાલોના જવાબ આપો.**

**અ) નીચે આપેલા વાક્યોના નંબર જે ખાના માટે સાચા હોય તેમાં લખો.**

સંજય મુસાફરી માટે ક્યારે શું વાપરે?

| ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|
| ભાડાનું વાહન | પગ | આગગાડી | વિમાન |
| | | | |

૧ તેને ખરીદી કરવી હોય ત્યારે

૨ તેને અમદાવાદની આસપાસ જવું હોય ત્યારે

૩ તે ભારતમાં બહુ રોકાવાનો ન હોય ત્યારે

૪ દેવ –દેવીઓનાં દર્શન માટે જવું હોય ત્યારે

૫ તેને અમદાવાદ આરામથી પહોંચવું હોય ત્યારે

**[૪]**

**બ) સાચા જવાબ આગળ ખાનામાં ચિહ્ન (✓) કરો.**

**(ચ)** રેલગાડીની મુસાફરીમાં સંજયને ...

ક મિત્રનો સાથ હોય. ☐

ખ પિત્રાઈ ભાઈનો સાથ હોય. ☐

ગ તેના દીકરાનો સાથ હોય. ☐

© OCR 2012

**(છ)** રસ્તામાં આવતાં મથકો પર બન્ને જણા ...

ક બીજા મુસાફરોને મળે. ☐

ખ ચા પીવા ઊતરે. ☐

ગ ફરસાણનો સ્વાદ માણે. ☐

**(જ)** રેલગાડીનાં પ્લેટફોર્મ ...

ક પ્રવૃત્તિથી ધમધમતાં હોય. ☐

ખ પર ઘણો સામાન પડ્યો હોય. ☐

ગ પર મફત ચા-પાણીની સગવડ હોય. ☐

**(ઝ)** અમદાવાદ શહેરમાં ફરવા માટે સંજય ...

ક બસ વાપરે. ☐

ખ રિક્ષા વાપરે. ☐

ગ ઘોડાગાડી વાપરે. ☐

**(ટ)** સુલેમાન રિક્ષાવાળો ...

ક સંજયથી અજાણ્યો હતો. ☐

ખ સંજયનો સંબંધી હતો. ☐

ગ સંજયનો જાણીતો હતો. ☐

© OCR 2012

**(ઠ)** સંજય સુલેમાનની રિક્ષા ...

| | | |
|---|---|---|
| **ક** | ન મળે તો બસ વાપરતો. | ☐ |
| **ખ** | પહેલેથી જ નોંધાવી રાખતો. | ☐ |
| **ગ** | જોઈતી હોય ત્યારે અચાનક મંગાવતો. | ☐ |

**(ડ)** સુલેમાન સંજયને ...

| | | |
|---|---|---|
| **ક** | શહેરમાં બધે જ ફેરવતો. | ☐ |
| **ખ** | ખરીદી કરવા જ લઈ જતો. | ☐ |
| **ગ** | સગાંસંબંધીને ત્યાં જ લઈ જતો. | ☐ |

**(ઢ)** અમદાવાદ છોડતાં પહેલાં સંજય ...

| | | |
|---|---|---|
| **ક** | સુલેમાનને ઘેર જમવા જતો. | ☐ |
| **ખ** | સુલેમાનને પોતાને ઘેર બોલાવતો. | ☐ |
| **ગ** | સુલેમાનના બાળકો માટે ભેટ આપતો. | ☐ |

**[૮]**

© OCR 2012

**સવાલ ૨: શ્રવણ** **[૧૩ ગુણ]**

**નવરાત્રિ**

**અહેવાલ સાંભળો અને ખાનામાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ ફકરામાં લખીને ખાલી જગ્યા પૂરો.**
**ચેતવણી: ખાલી જગ્યાઓ કરતાં વધારે શબ્દો આપેલાં છે. દરેક શબ્દ ફક્ત એક જ વખત વાપરો.**

| | | | | |
|---|---|---|---|---|
| અભ્યાસ | અવનવી | અસંભવિત | આતુરતાથી | ઉત્સવો |
| ઉત્સાહ | કદાચ | કીમતી | ઘરેણાંની | ચોક્કસ |
| તણાવ | તૈયારી | દિવસોમાં | દેખાડો | ધાર્મિક |
| પ્રસંગો | પ્રસાધનોની | બનીઠનીને | મહિનામાં | યુવાવર્ગમાં |
| રંગબેરંગી | વધારે | શરૂઆત | | |

હિન્દુ વર્ષના છેલ્લા **(ક)** ......................... ઘણા **(ખ)** ......................... ઊજવાય છે. આ માસની **(ગ)** ......................... નવરાત્રિના તહેવારથી થાય છે. ઘણાં લોકો આ તહેવાર દરમિયાન **(ઘ)** ......................... પ્રવૃત્તિઓ કરે છે પણ વધારે લોકો તો રાસ-ગરબા રમવા માટે જ આ તહેવારની **(ચ)** ......................... વાટ જોતા હોય છે. યુવતીઓના મનમાં આ તહેવાર માટે ઘણો **(છ)** ......................... હોય છે. નવરાત્રિમાં પહેરવા માટેનાં **(જ)** ......................... પહેરવેશ અને **(ઝ)** ......................... તૈયારી તેઓ વેળાસર કરી લે છે અને પછી ખૂબ **(ટ)** ......................... નવેનવ દિવસ ગરબે ઘૂમે છે. જોનારાઓના મનમાં એમ થઈ આવે કે જાણે યુવાન-યુવતીઓ પહેરવેશ અને કળાનો **(ઠ)** ......................... કરવા આવ્યા છે. આ **(ડ)** ......................... ઘણાને મા શક્તિમાં બહુ શ્રદ્ધા હોતી નથી. **(ઢ)** ......................... તો તેઓ મિત્રો સાથે આનંદ કરવા જ આવે છે. ગમે તેમ, પણ ત્યાં આવ્યા પછી તેમનામાં ધર્મ ભાવના પેદા થાય છે તે **(ણ)** ......................... છે.

© OCR 2012

**Task 3: Listening**

## APPLICANT FROM INDIA

**Listen to the report and answer the following questions IN ENGLISH.** **[15 marks]**

**(a)** What **two** activities did the speaker's firm do?

**(i)** ........................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................ **[1]**

**(b)** Why were these presentations popular?

........................................................................................................ **[1]**

**(c)** What information is given about the applications?

........................................................................................................ **[1]**

**(d)** What was the duty of the selection panel?

........................................................................................................ **[1]**

**(e)** What were the applicants required to do?

**(i)** from home ........................................................................................................ **[1]**

**(ii)** at the interview ........................................................................................................ **[1]**

**(f)** Why did the panel have to test the 25th applicant?

........................................................................................................ **[1]**

**(g)** Why did some of the panel think Vijay Thambe would be unsuitable before they saw him? Give **two** reasons.

**(i)** ........................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................ **[1]**

© OCR 2012

**(h)** What made Vijay Thambe's face appealing?

.......................................................................................................................................... **[1]**

**(i)** How did he differentiate between the panel members in his greetings?

..........................................................................................................................................

.......................................................................................................................................... **[2]**

**(j)** Give **two** reasons why Vijay Thambe was given the job.

**(i)** .................................................................................................................................. **[1]**

**(ii)** .................................................................................................................................. **[1]**

© OCR 2012

**Task 4: Writing**

**Your friend who lives in the UK wants to work for a research company in Gujarat. He has written an e-mail in English to the manager of that company and has asked you to put it into Gujarati before sending it.**

**You do not have to translate word for word but you should include all the information.**

**[10 marks for Communication + 10 marks for Quality of Language]**

Sir,

I have studied science at university and I am interested in working for your company.

I worked as an assistant in a laboratory for over a year.

I have always been very interested in the effects of pollution on plant life.

I have a wide knowledge of computing and I have learnt to speak in Gujarati.

I should be very grateful if you will consider my application.

© OCR 2012

સાહેબ શ્રી,

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

પ્રણામ

**Section A Total: 60 Marks**

© OCR 2012

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour 30 minutes*

**સવાલ ૫: વાંચન**

**નીચે આપેલો વાર્તાલાપ વાંચી સવાલોના જવાબ લખો.**

**રમતગમત**

**કેતન:** રમતગમત એક એવી વસ્તુ છે જે લગભગ બધા લોકોને ગમે છે. તેનાથી આપણને શારીરિક અને માનસિક એમ બન્ને રીતે ફાયદા થાય છે. નિયમિત કસરત કરવાથી આપણું વજન પ્રમાણસર રહે છે શરીર શક્તિશાળી બને છે અને મન પ્રસન્ન રહે છે. મને બહાર ખુલ્લી જગ્યામાં રમવું ગમે છે પણ કોઈવાર હવામાનને કારણે એ શક્ય નથી હોતું.

**છાયા:** હું ભારતથી અહીં યુ. કે. આવી ત્યારે મારી અહીંની નિશાળમાં રમતગમતની વિવિધ સગવડો જોઈને હું છક થઈ ગઈ હતી. ભારતની મારી નાનકડી નિશાળમાં ભણાવવા માટે પણ જગ્યા ઓછી પડતી એટલે રમતગમત માટેની જગ્યા તો ક્યાંથી હોય. અહીં નિશાળમાં અમુક વિદ્યાર્થીઓને રમતગમતની વધારાની તાલીમ મળે છે એ પણ કેવું સરસ.

**હુસેન:** મારી નિશાળમાં એક વિશાળ સ્પોર્ટ્સ હોલ બાંધવામાં આવ્યો છે જેમાં ઘણી બધી રમતો માટે પૂરી સગવડો રાખવામાં આવી છે. વરસાદ અને બરફને કારણે ખુલ્લામાં રમી ન શકું ત્યારે હું ત્યાં જાઉં. રમતગમતને કારણે મેં કેટલાયે મિત્રો બનાવ્યા છે અને તે મને સૌથી મોટો લાભ લાગે છે.

**ચેતના:** ભારતમાં મારી નિશાળમાં હું રમતગમતનો આનંદ નથી લઈ શકતી પણ એનો અર્થ એ નથી કે ત્યાં હું રમતી જ નથી. મારા મિત્રો અને હું ખુલ્લામાં ક્યાંય પણ થોડી જગ્યા શોધી લઈને નાગેલ, હુતુતુ, ખોખો વગેરે રમતો આનંદથી રમીએ છીએ. ખાસ અવરજવર ન હોય તેવા રસ્તા પર જમીનમાં ખૂંચાડેલી ત્રણ લાકડીની વિકેટ બનાવી પાડોશના છોકરાઓ સાથે હું ક્રિકેટ પણ રમી લઉં છું.

**ઝૈનબ:** ભારતમાં રમતગમત માટે પૂરતી સગવડો નથી એ વાત સાચી છે. પણ તે દેશમાં હજુ પણ ઘણાં લોકો ગરીબ છે તેથી સરકારનાં નાણાં લોકોની જરૂરિયાતો પર ખર્ચાય તે વધારે મહત્ત્વનું છે. ૨૦૧૦ની કોમનવેલ્થ રમતગમતો ભારતમાં યોજવામાં આવી હતી તેથી ત્યાં પણ લોકોને નિયમિત રમતગમત કરવા પ્રોત્સાહન મળ્યું છે.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

સવાલ ૫ (અ)

દરેક વાક્ય કોને લાગુ પડે છે?

દાખલા સિવાયના ફક્ત દસ યોગ્ય ખાનામાં ચિહ્ન ( ✓ ) મૂકો.

જો દસથી વધારે ચિહ્ન ( ✓ ) મૂકશો તો તમે ગુણ ગુમાવશો. [૧૦ ગુણ]

| સવાલ | | કેતન | છાયા | હુસેન | ચેતના | ઝૈનબ |
|---|---|---|---|---|---|---|
| દાખલો | ખરાબ હવામાનને કારણે હંમેશાં ખુલ્લામાં રમી શકાતું નથી | ✓ | | ✓ | | |
| ક | રમતગમત કરતાં જરૂરી વસ્તુઓ માટે ખર્ચ કરવાનું વધારે સારું છે. | | | | | |
| ખ | રમતગમતને લીધે ઘણાં દોસ્તો મળ્યા છે. | | | | | |
| ગ | ભારતમાં રમતગમત માટે ઓછી સગવડો હોય છે. | | | | | |
| ઘ | ખુલ્લી જગ્યામાં રમવું ગમે છે. | | | | | |
| ચ | રમતગમત તન અને મન માટે લાભદાયક છે. | | | | | |
| છ | શાંત રસ્તા પર કિશોરો સાથે રમે છે. | | | | | |
| જ | ભારતની નાની નિશાળોમાં રમતગમતની ખાસ તાલીમ મળતી નથી. | | | | | |
| ઝ | નિશાળમાં અંદર ઘણી રમતો રમે છે. | | | | | |

© OCR 2012

સવાલ ૫ (બ)

**નીચે આપેલા લેખનમાં ઉપરના લેખ પ્રમાણે યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.** **[૧૦ ગુણ]**

| | | | |
|---|---|---|---|
| અગત્યની | આગળ | આનંદમાં | આરામમાં |
| ઉમંગ | કંટાળો | ખેલકૂદ | જોરાવર |
| તડકો | નબળું | ફક્ત | બહાર |
| બાળકો | વરસાદ | વાહનો | સસ્તી |
| સુવિધાઓ | | | |

**રમતગમત**

રમતગમત કરવાથી આપણું શરીર **(ક)** ...................... બને છે અને આપણું મન **(ખ)** .................... રહે છે. ઘણા લોકોને **(ગ)** ......................... રમવું ગમે છે પણ **(ઘ)** ......................... હોય ત્યારે એમ કરી શકાતું નથી. યુ.કે.ની નિશાળોમાં અંદર અથવા તો ખુલ્લામાં રમવા માટેની ઘણી **(ચ)** ......................... હોય છે પણ ભારતની ઘણી નિશાળોમાં **(છ)** ......................... ભણવા માટેની જગ્યા જ હોય છે. તેમ છતાં, ભારતમાં ખાલી જગ્યામાં કે ઓછાં **(જ)** ......................... આવતાંજતાં હોય એવા રસ્તા પર બાળકો રમી લે છે. ભારતની સરકાર **(ઝ)** ......................... માટે પૈસા વાપરે એના કરતાં લોકો માટે **(ટ)** ......................... હોય એવી વસ્તુઓ માટે ખર્ચ કરે તે વધારે યોગ્ય છે. ૨૦૧૦ની કોમનવેલ્થ ગેઈમ્સ ભારતમાં રમવામાં આવી હતી તેથી લોકોમાં રમતગમત કરવા માટે **(ઠ)** ......................... જાગ્યો છે.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

**સવાલ ૬: વાંચન**

**નીચે આપેલો લેખ વાંચી સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. સવાલોના જવાબ બને ત્યાં સુધી તમારા પોતાના જ શબ્દોમાં, લેખમાંના લાંબાં કે આખાં વાક્યોની નકલ કર્યા વિના, લખો.**

**[૨૦ ગુણ માહીતી માટે + ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**પારુલ અને ખરીદી**

પારુલ તેના મોટા મકાનની સાફસુફી જાતે જ કરતી, પરિવાર માટે પ્રેમથી વિવિધ વાનગીઓ રાંધતી અને વૃદ્ધ સાસુમાની ખડે પગે સેવા કરતી. પણ કોણ જાણે કેમ પારુલને ખરીદી કરવા જવાનો જબરો કંટાળો. ઘરની જરૂરી વસ્તુઓની ખરીદી માટે દર અઠવાડિયે તે તેના પતિ સમીરને સુપરમાર્કેટમાં ધકેલતી. પોતાનાં અને સાસુમાનાં કપડાં તે 'ઓન લાઈન' જ ખરીદી લેતી. કોઈ પ્રસંગ માટે ભેટ લેવાનું થાય તો પણ 'આપણી લીધેલી ભેટ ગમશે કે નહી' એમ કહી તે કાર્ડ સાથે રોકડા પૈસા બીડી દેતી. પણ હા, એક વાત છે કે શાકભાજીવાળાને ત્યાં એકાંતરે જવાનું પારુલ કદી પણ ચૂકતી નહિ.

પહેલાં તો પારુલને શાકભાજીવાળાને ત્યાં જવાનું પણ ગમતું નહિ. ત્યારે દુકાનમાં બધી વસ્તુઓ જેમ તેમ પડી રહેતી. તાજું અને વાસી શાક બધું એક જ ખોખામાં ઠાલવ્યું હોય એટલે શાકના ખોખા આગળ કોઈ શાક વીણતું ઊભું હોય એટલી વાર પારુલને રાહ જોવી પડતી. પારુલ થાકી જતી. પણ પછી મહેશભાઈએ એ દુકાન ખરીદી અને સમારકામ અને સુધારાવધારા કરાવવા દુકાન થોડો વખત બંધ રાખી. મકાનનો પાછળનો ભાગ દુકાનમાં લેવડાવીને તેમણે દુકાનમાં ઘણી મોકળાશ કરાવી.

દુકાન ફરી ખુલી તે જ દિવસે પારુલ ત્યાં જઈ પહોંચી. તેણે દુકાનમાં પગ મૂક્યો કે મહેશભાઈએ તેને કાપડની એક સુંદર થેલી ભેટ આપીને આવકાર આપ્યો. આંખને ગમી જાય તેવાં રંગરોગાનથી શોભતી દુકાનમાં શાકભાજી, રાશન વગેરે ખૂબ વ્યવસ્થિત રીતે ગોઠવેલાં હતાં અને સ્પીકરમાંથી એક લોકપ્રિય ફિલ્મી ગીતના સ્વરો રેલાઈ રહ્યા હતા. પારુલ ગીત ગણગણવા લાગી.

પારુલને મરીમસાલા ખરીદવાનું ખાસ ફાવતું નહિ એટલે તેની ખરીદી માટે તે તેનાં સાસુમાને લઈને આવતી. દુકાનમાં આવતા બીજા ગ્રાહકોમાંથી કેટલાય લોકો સાથે પારુલને દોસ્તી થઈ છે. ગામમાં અને સમાજમાં જે કાંઈ બને તેના સમાચાર પણ પારુલને અહીંથી જ મળે છે.

હોળી, રક્ષાબંધન, કે દિવાળીના દિવસોમાં દુકાનની વચ્ચોવચ્ચ એક મેજ પર તહેવારને અનુરૂપ કલાત્મક ચીજોનું પ્રદર્શન કરવામાં આવતું. મહેશભાઈને ખબર પડી કે પારુલ કલાકાર હતી ત્યારે તેમણે તેને આ જવાબદારી સંભાળવા વિનંતી કરી. પારુલનું કલાકાર હૃદય ખુશીથી નાચી ઊઠ્યું.

તેમ છતાં તમે પારુલને સુપરમાર્કેટમાં ખરીદી કરતી કદી પણ જોશો નહિ.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

(ક) પારુલ મહેનતુ હતી તે બતાવવા લેખક કયા ત્રણ દાખલા આપે છે?

(૧) .................................................................................................................................... [૧]

(૨) .................................................................................................................................... [૧]

(૩) .................................................................................................................................... [૧]

(ખ) ઘરની અને પોતાની જરૂરિયાતોની ખરીદી પારુલ કેવી રીતે કરતી?

(૧) ઘરની જરૂરિયાતો ............................................................................................... [૧]

(૨) પોતાની જરૂરિયાતો ........................................................................................... [૧]

(ગ) ભેટોની ખરીદી કરવા ન જવું પડે તે માટે પારુલ કયું બહાનું કાઢતી?

.............................................................................................................................................. [૧]

(ઘ) તે બહારની એક માત્ર ખરીદી કઈ કરતી?

.............................................................................................................................................. [૧]

(ચ) પહેલાં પારુલને આ ખરીદી કરવાનું પણ શા માટે ગમતું નહિ? **ત્રણ** વિગતો આપો.

(૧) .................................................................................................................................... [૧]

(૨) .................................................................................................................................... [૧]

(૩) .................................................................................................................................... [૧]

(છ) મહેશભાઈ દુકાનને કેવી રીતે મોટી બનાવી શક્યા?

.............................................................................................................................................. [૧]

(જ) દુકાન ફરીથી ખુલી તે દિવસે પારુલનું સ્વાગત કેવી રીતે થયું?

.............................................................................................................................................. [૧]

© OCR 2012

(ઝ) દુકાનની કઈ બાબતોને કારણે ગ્રાહક હળવાશનો અનુભવ કરી શકતા?

(૧) ............................................................................................................................ [૧]

(૨) ............................................................................................................................ [૧]

(૩) ............................................................................................................................ [૧]

(ટ) પારુલનાં સાસુમા તેને ખરીદીમાં કઈ રીતે મદદ કરતા?

.................................................................................................................................. [૧]

(ઠ) શાકભાજીની દુકાને જવાનું પારુલ માટે કઈ કઈ રીતે લાભદાયક થાય છે?

(૧) ............................................................................................................................ [૧]

(૨) ............................................................................................................................ [૧]

(ડ) પારુલ મહેશભાઈને દુકાનમાં કેવી રીતે મદદ કરે છે?

.................................................................................................................................. [૧]

(ઢ) તે આ ક્યારે કરે છે?

.................................................................................................................................. [૧]

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના લેખની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2012

**સવાલ ૭: વાંચન અને લેખન**

**નીચેનો લેખ વાંચો અને બન્ને સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. તમારે સવાલોના જવાબ લેખમાંના આખા વાક્યોની નકલ કર્યા વિના લખવા જોઈએ. લેખમાંના એક સાથેના ક્રમવાર પાંચ કે તેથી વધારે શબ્દોનો ઉપયોગ કરશો તો ગુણ ગુમાવશો. તમને કુલ ૨૦૦ થી ૩૦૦ શબ્દોનો ઉપયોગ કરવાની ભલામણ કરીએ છીએ.**

**ઈન્ટરનેટ**

૧. બીજલનાં કમ્પ્યૂટરમાં ઈન્ટરનેટ આવ્યું ત્યારથી તેને જાણે આખી દુનિયા મળી ગઈ છે. કોઈ પણ માહિતી તેને એક ક્લિક કરતાં જ મળી જાય છે. સામાજિક નેટવર્ક પર તે તેના વિચારોની આપ-લે કરે છે. ગુજરાતીમાં લખેલો તેનો ઈ-મેલ ટપાલ કચેરીમાં ગયા વગર જ થોડી સેકન્ડોમાં જામનગરમાં રહેતા તેના કાકાને મળી જાય છે.

૨. બીજલના પિતાજી અશોકભાઈ રોજ અંગ્રેજી-ગુજરાતી છાપાં ખરીદતા, પણ તેમણે ઈન્ટરનેટ ખરીદ્યું ત્યારથી દેશપરદેશના સમાચાર તેમને ઓન લાઈન મળી જાય છે. વળી તેમને ઓન લાઈન જ ખરીદી કરવાનું અને બેન્કનાં કામ પતાવવાનું ગમે છે કારણ કે તેઓ ઘરબેઠાં જ ગમે તે સમયે માલ પસંદ કરી શકે છે અને તેમનો સામાન ઘેર પહોંચાડી દેવામાં આવે છે. પણ તેઓ સુરક્ષાની કાળજી રાખે છે.

3. બીજલનાં માતા કાજલબહેન, ઈન્ટરનેટ પર ગુજરાતી – હિન્દી સીરિયલો જોવામાં ઘણા કલાકો વીતાવે છે. તેઓ નવાં-જૂનાં ગીતો શોધીને ઘણાંની નકલ પોતાની સી.ડી. પર કરે છે. તેઓ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવાની રીતો મેળવે છે અને સ્વાદિષ્ટ ભોજન બનાવીને પોતાના પરિવારને ખુશ રાખે છે.

૪. પણ સાહિલ નિશાળેથી આવીને ઈન્ટરનેટ પર જ બેઠો રહે છે. હા, તે નિશાળના કામ માટે ઈન્ટરનેટ વાપરે છે એ તો સારું છે પણ રમતો રમવામાં અને અજાણ્યા લોકો સાથે વાતો કરવામાં તે કલાકો ગાળે છે તેની તેનાં માતાપિતાને ચિંતા છે.

**સવાલ ૭.અ. સવાલનો જવાબ ઉપરના લેખને આધારે ગુજરાતીમાં લખો.**

ઉપરના લેખમાં આપેલા ઈન્ટરનેટના ફાયદા અને ગેરફાયદા તમારા પોતાના શબ્દોમાં લખો.

**[લેખ વિશેની સમજણ: ૧૦ ગુણ]**

**સવાલ ૭.બ. હવે તમારા અભિપ્રાયો આપો.**

“ઈન્ટરનેટના થોડા ગેરફાયદા છે પણ તેને સાચવીને વાપરીએ તો તેના ફાયદા વધારે છે.” તમારા અભિપ્રાયો આપો અને તેમનું સમર્થન કરો.

**લેખ પ્રમાણેનો જવાબ: ૨૦ ગુણ]**

**[ભાષાની ગુણવત્તા: ૨૦ ગુણ]**

**[કુલ: ૫૦ ગુણ]**

© OCR 2012

**સવાલ ૭.અ. સવાલનો જવાબ ઉપરના લેખને આધારે ગુજરાતીમાં લખો.**

ઉપરના લેખમાં આપેલા ઈન્ટરનેટના ફાયદા અને ગેરફાયદા તમારા પોતાના શબ્દોમાં લખો.

........................................................................................................................................................

**સવાલ ૭.બ. હવે તમારા અભિપ્રાયો આપો.**

“ઈન્ટરનેટના થોડા ગેરફાયદા છે પણ તેને સાચવીને વાપરીએ તો તેના ફાયદા વધારે છે.” તમારા અભિપ્રાય આપો અને તેમનું સમર્થન કરો.

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

© OCR 2012

**[Section B Total: 100 marks]**

© OCR 2012

## ADDITIONAL ANSWER SPACE

RECOGNISING ACHIEVEMENT

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2012